**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૧૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૫ ટકા ● સાંજે ૩૧ ટકા

# શહેરમાં શુભેચ્છા માટે ચોકલેટ હેમ્પર ટ્રેન્ડમાં


## બોર્ડની પરીક્ષા આપતા બાળકોને અપાતી ચોકલેટમાં કોકો હોવાથી તેનું પ્રમાણમાં સેવન ઊંઘ ઉડાડવા માટે ઉપયોગી

ગાંધીનગર, તા.૨

ગુજરાત બોર્ડ ધો-૧૦ અને ધો-૧૨ની પરીક્ષા નજીક આવી રહી છે ત્યારે શહેરના સર્વે બાળકો આવનાર પરીક્ષાની તૈયારીમાં વ્યસ્ત થઈ ગયા છે. સાથે માતા-પિતા પણ બાળકના ડેઈલી રૂટીન માટે સજાગ થઈ ગયા છે. પરિવારજનો તથા વેલ વીશર્સ આવનાર બોર્ડની પરીક્ષા આપવા જતા બાળકોને મળીને વીશ કરી રહ્યા છે. આમ તો વર્ષોથી પરીક્ષા સંદર્ભે શુભેચ્છા પાઠવવા પેન અપાતી ત્યારબાદ ટ્રાન્સપરન્ટ પાઉચ અને પેનનો કોન્સેપ્ટ આવ્યો હતો. આ કોન્સેપ્ટ સાથે ચોકલેટ ઉમેરાઈ હતી અને હાલમાં ચોકલેટને એનર્જીના ભાગરૂપે વીશ કરતી વખતે ખાસ આપવામાં આવી રહી છે.

શહેરમાં હોમમેઈડ ચોકલેટ બનાવતા કવિતા કોટકના જણાવ્યા અનુસાર શહેરીજનો હવે ફકત પેન આપી બાળકોન વીશ કરવાની જગ્યાએ ચોકલેટ આપવાનો આગ્રહ વધુ રાખી





રહ્યા છે. મારો પોતાનો પુત્ર દસમામાં છે ગ્રુપ સ્ટડી કરતી વખતે હું બાળકોને ચોકલેટ આપું છે જેનાથી તેઓને એનર્જી મળી રહે. ખાસ તો ચોકલેટમાં કોકો હોય છે જેના લીધે ઊંઘ જતી રહે છે અને લાંબા સમય સુધી વાંચી શકાય છે. આ વર્ષે મેં એકઝામ સ્પેશિયલ એનર્જી બાર બનાવ્યા છે. જેમાં ઓટસ, ચીઆ સીડસ, અળસી, ખસખસ, મગજતરીના બી, ડ્રાયફ્રુટ ઉમેરવામાં આવે છે જે આરોગવાથી બાળકોને એક પ્રોપર વેમાં એનર્જી મળી રહે છે. આ ઉપરાંત ૧૦૦ રૂ. થી લઈને ૧૦૦૦ રૂ. ના હેમ્પર બનાવવામાં આવે છે જેમાં ગ્રાહકની ડિમાન્ડ મુજબ પ્રાઈઝ વધે અને વસ્તુ ઉમેરાય છે. હેમ્પરમાં ચોકલેટ બોકસ, આ સાથે પેન, નાની માઈન્ડ રિફ્રેશીંગ ગેમ્સ, જારમગ, વુડન બોકસ, ડાયરી-પેન જેવી એસેસરીઝ ડિમાન્ડ મુજબ ઉમેરાય છે. આ સાથે મોટા હેમ્પરમાં ટ્રાન્સપરન્ટ કીટ જેમાં દરેક ટ્રાન્સપરન્ટ વસ્તુ બેગ, બોટલ અને પાઉચ સાથે ચોકલેટ ઉમેરાય છે. શહેરના ટયુશન કલાસીસમાં પણ ફેરવેલ દિવસો આ ચોકલેટ હેમ્પર આપી વિદ્યાર્થીઓનો શુભેચ્છા પાઠવવામાં આવી રહી છે.

## મુવી હાઉસ

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**

**થપ્પડ**
૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
**ગોળ કેરી**
૯.૪૦, ૧૨.૨૦, ૩.૦૦, ૭.૫૫, ૧૦.૩૫
**કુકી** - ૫.૪૦
**શુભ મંગલ ઝયાદા સાવધાન**
૯.૨૫, ૧૨.૫૫, ૨.૪૦, ૭.૪૫, ૧૦.૨૦
**ભૂત પાર્ટ વન : ધ હોન્ટેડ શીપ**
૯.૪૦, ૧૨.૧૫, ૫.૩૦, ૧૦.૪૫
**મલંગ** - ૯.૩૦, ૧૦.૧૫
**તાન્હાજી** - ૧૧.૫૫

**સિટી પલ્સ, કુડાસણ**

**થપ્પડ** - ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦, ૧૨.૦૦
**ગોળ કેરી**
૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
**શુભ મંગલ ઝયાદા સાવધાન**
૭.૦૦
**ભૂત ધ હોન્ટેડ શીપ** - ૨.૪૫
**દૂરદર્શન** - ૫.૦૦
**ચાલ જીવી લઈએ (ગુજરાતી)**
૭.૧૫





ગુજરાત રાજય બોર્ડ દ્વારા આયોજીત દીવાયન યોગા નેચરોપથી સેન્ટર ખાતે યોગાની ટ્રેનિંગ ચાલી રહી છે ત્યારે ૧૨૫ જેટલા યોગા પ્રશિક્ષકોની હાજરીમાં સમર્પણ સ્પોર્ટસ એકેડેમીના બાળકો દ્વારા કિવોન્ડોનો ડેમો આપવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે અહીં કાનજીભાઈ બાવરી દ્વારા યોગા પ્રશિક્ષકોને દરરોજ સવારે તાલીમ આપવામાં આવી રહી છે.

## સરકારી ઈજનેરી કોલેજના તેજસ પ્રજાપતિને યુનિવર્સિટી કક્ષાનો 'બેસ્ટ એનએનએસ વોલિયન્ટર' એવોર્ડ

ગાંધીનગર, તા.૨

ગાંધીનગરની સરકારી ઈજનેરી કોલેજના તેજસ જયંતિભાઈ પ્રજાપતિને ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના યુનિવર્સિટી કક્ષાના એનએસએસ એવોર્ડ વિતરણ સમારંભમાં 'બેસ્ટ એનએસએસ સ્વયંસેવક' તરીકે સન્માનવામાં આવ્યા છે. તાજેતરમાં યોજાયેલા આ સમારંભમાં અમદાવાદ પૂર્વ વિધાનસભા બેઠકના સાંસદ હસમુખભાઈ પટેલ, એનએસએસના નવી દિલ્હી ખાતેના આસીસ્ટન્ટ પ્રોગ્રામ એડવાઈઝર ડૉ. કમલકુમારકર, યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડૉ. નવીન શેઠ, રજીસ્ટ્રાર ડૉ. કે.એન. ખેર, એનએસએસ



પ્રોગ્રામ કો ઓર્ડિનેટર એ.એચ. દાફડા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. તેજસ પ્રજાપતિને બેસ્ટ એનએસએસ સ્વયંસેવક તરીકેનો એવોર્ડ વર્ષ ૨૦૧૭-૧૮ માટે તેમની શ્રેષ્ઠ કામગીરીને ધ્યાનમાં લઈને એનાયત કરાયો છે. આ એવોર્ડ તેમને કોલેજના એનએસએસના પ્રોગ્રામ ઓફિસર પ્રો. એન.ડી. પટેલના માર્ગદર્શન તથા અન્ય સાથી સ્વયંસવકોના સહકારને પગલે પ્રાપ્ત થયો હોવાનું તેમણે જણાવ્યું હતું.

## ઉમિયા એજયુકેશન ટ્રસ્ટ દ્વારા માર્ગ સલામતીની તાલીમ

ઉમિયા એજયુકેશન ટ્રસ્ટ શિક્ષણ તથા સામાજીક જાગૃતિ માટે માર્ગ સલામતી માટે પ્રાથમિક તાલીમ આપવા ખાસ પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે. રોટરી કલબ ઓફ ગાંધીનગર, મિસરી રોડ સર્વિસીસ અમદાવાદ તથા MIPLVP-MSW કોલેજ દ્વારા સાથે મળીને આ તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં યુવાનોને ખાસ માર્ગ સલામતીની પ્રાથમિક તાલીમ અપાઈ રહી છે.

# બોર્ડ દ્વારા પેપર લીક ન થાય તે અર્થે એપ્લીકેશન લોન્ચ કરાઈ

## આ એપ્લીકેશન દ્વારા પ્રશ્નોનું ટ્રેકીંગ કરી શકાશે

ગાંધીનગર, તા.૨

ગુજરાત રાજય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો-૧૦ અને ધો-૧૨ની પરીક્ષા યોજાનાર છે. પરીક્ષા સંદર્ભે બોર્ડ દ્વારા નીતિ નિયમો બહાર પાડવામાં આવી રહ્યા છે ત્યારે પરીક્ષામાં ગેરરિતી ન થાય તે માટે શાળા સંચાલકોને ખાસ સુચના આપી દેવામાં આવી છે સાથે સ્કવોર્ડ અને સીસીટીવી દ્વારા પણ વિદ્યાર્થીઓ ઉપર નજર રાખવામાં આવશે. આ ઉપરાંત બોર્ડ દ્વારા આ વર્ષે ટેકનોલોજીની મદદથી એક એપ્લીકેશન બનાવવામાં આવી છે જેથી પેપર લીક ન થાય. આ એપ્લીકેશનમાં પ્રશ્નપત્રનું બંડલ કયાં છે તેનું અધિકારીઓ બોર્ડની ઓફિસમાં બેઠા બેઠા નજર રાખી શકશે. જે સંદર્ભે જે તે ઝોનમાં પ્રશ્નપત્રો પહોંચાડી દીધા બાદ જિલ્લાના દરેક સરકારી પ્રતિનિધિના મોબાઈલમાં આ એપ્લીકેશન ઈન્સ્ટોલ કરાવડાવવામાં આવી છે. ગાંધીનગર જિલ્લામાં ૧૬૦ પરીક્ષા કેન્દ્રો છે. આ કેન્દ્રો સુધી સીલબંધ પ્રશ્નપત્ર પહોંચાડતા આ સરકારી પ્રતિનિધી પોતાના મોબાઈલમાં સીલબંધ પ્રશ્નપત્રના બંડલના ફોટા પાડશે. આ પ્રશ્નપત્રો પરીક્ષા કેન્દ્રો સુધી પહોંચે ત્યાં સુધીમાં સરકારી પ્રતિનિધિઓને આઠ જુદી જુદી જગ્યા અને પોઝના ફોટા પાડીને આ એપ્લીકેશનમાં અપલોડ કરવાના રહેશે. જે અંગે તમામને તાલીમ પણ આપી દેવામાં આવી છે. આ એપ્લીકેશનની મદદથી જિલ્લા શિક્ષણાધિકારી અને બોર્ડના અધિકારીઓ પણ પ્રશ્નપત્રો કયાં કઈ હાલતમાં પહોંચ્યા તે જોઈ શકશે. અધિકારીઓ પ્રશ્નપત્રોનું ટ્રેકીંગ પણ કરી શકશે. તેમ પેપર ફુટવાના કિસ્સા હવે ઘટી જશે. ઉલ્લેખનીય છે કે અગાઉ ગાંધીનગર જિલ્લામાં બોર્ડ દ્વારા લેવાયેલી ટેસ્ટમાં પણ આ સીસ્ટમનો ઉપયોગ કરવામાં આવ્યો હતો તેમાં સફળતા મળ્યા બાદ હવે બોર્ડની પરીક્ષામાં આ ટ્રેકીંગ સીસ્ટમ અમલી બનવા જઈ રહી છે.



નવું શૈક્ષણિક સત્ર હમણાં શરૂ થઈ જશે. વિદ્યાર્થીઓ શાળાએ જતા થઈ જશે પરંતુ હજુ સુધી નવા સત્રના પાઠયપુસ્તકો બજારમાં આવ્યા ન હોવાથી સ્ટેશનરીના વેપારીની મીટીંગ વિદ્યા લાયબ્રેરી ખાતે યોજવામાં આવી હતી. જેમાં મહેસાણા, વિજાપુર, વિસનગરના વેપારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થતિ રહ્યા હતા અને પોતાના પ્રશ્નોની રજૂઆત કરી હતી.

## ચિરવિદાય

- સ્વ. શાહ મંજુલાબેન નટવરલાલ, ઉ.વ. ૭૮
- સ્વ. લીલા સુંદરલાલ ધીરમલાની, ઉ.વ. ૯૨
- સ્વ. જીવતાબેન દમાજી ઠાકોર, ઉ.વ. ૫૭
- સ્વ. પાલકર અંજનાબેન અરવિંદભાઈ, ઉ.વ. ૮૪
- સ્વ. શાંતાબેન વિઠ્ઠલભાઈ વાઘેલા, ઉ.વ. ૫૨





ગાંધીનગરમાં આજકાલ ગીત સંગીત અને કલા સંસ્કૃતિનો માહોલ જામ્યો છે. વસંતોત્સવની રજત જયંતિ પ્રસંગે સંસ્કૃતિ કુંજમાં દરરોજ જુદા જુદા કલાકારો પોતપોતાની કલાનું પ્રદર્શન કરી મુલાકાતીઓને મનોરંજન પીરસી રહ્યા છે. ગુજરાતના જાણીતા લોકગાયિકા ગીતા રબારીએ લોકગીતોની રમઝટ બોલાવી શ્રોતાઓને ડોલાવ્યા હતા.

## સેકટર-૧૧ની સ્ટેટ બેંકનું નકારાત્મક વલણ

ગાંધીનગર, તા. ૨

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની શાખા સેકટર-૧૧માં સીને મેકસ બિલ્ડીંગમાં ભોંયતળિયે કાર્યરત છે. સ્ટેટ બેંકમાંની અન્ય શાખાના ગ્રાહકો કોઈ કામગીરી કે પાસબુક અપડેટ કરાવવા જાય ત્યારે સ્પષ્ટ નન્નો ભણી દેવામાં આવે છે. વિશેષમાં ગ્રાહકોને મુળ સ્ટેટ બેંકની શાખામાં જવાની સલાહ આપે છે. સેકટર-૧૧ વેપારીઓ, સિનીયર સીટીઝનો, પેન્શનરોની અવરજવર વાળો વિસ્તાર છે ત્યારે આ બેંકના નકારાત્મક વલણથી વ્યસ્કો હેરાનગતિ પામે છે. બેંકમાં પાસબુકની અપડેટ અન્ય શાખાની ન થતી હોય તો સ્પષ્ટ બોર્ડ મુકવાની જરુર છે. ટુંકમાં સ્ટેટ બેંકની સેકટર-૧૧ની તેમજ અન્ય બ્રાંચમાં પણ સ્ટેટ બેંકના ગ્રાહકોની કામગીરી થાય તેવી સુચનાઓ આપવાની જરુર છે.

# આજે સિવિલના ઓડિટોરિયમમાં વિશ્વ શ્રવણશકિત દિવસ ઉજવાશે

ગાંધીનગર, તા.૨

૩ માર્ચે સમગ્ર વિશ્વની સાથે ભારત પણ વિશ્વ શ્રવણશક્તિ દિવસ એટલે કે વર્લ્ડ હિયરિંગ ડે ના રોજ જનજાગૃતિ કાર્યક્રમો યોજશે. ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં એ દિવસે RBSKના નેજા હેઠળ સ્કૂલ હેલ્થ પ્રોગ્રામ યોજવામાં આવશે. જેમાં ગાંધીનગર સિવિલ કૉક્લિઅર ઈમ્પ્લાન્ટ સેન્ટર દ્વારા નાગરિકોને સમજાવવામાં આવશે સમયસર અને અસરકારક પગલાં લેવામાં આવે તો શ્રવણશક્તિ ગુમાવી ચૂકેલા લોકો એમની તે શક્તિ પૂરેપૂરી મેળવી શકે છે.

ગાંધીનગર સ્થિત ઓડિટોરિયમમાં નિર્ધારિત જનજાગૃતિ કાર્યક્રમમાં ૪૦૦ જેટલા પરિવારો એમનાં શ્રવણશકિત ગુમાવવાની તકલીફનો ભોગ બનેલા બાળકોને લઈને આવશે. ૫૦ જેટલા બાળકો કાર્યક્રમમાં ભાગ લેશે અને એમની ટેલેન્ટ પ્રસ્તુત કરીને દુનિયા બતાવશે કે તેઓ પણ હવે બીજા સ્વસ્થ બાળકોથી અલગ નથી. તેઓ હનુમાન ચાલીસાનું પઠન કરશે, શ્લોક બોલશે, સંગીત વગાડીને અને ગાયન ગાઈને ગુજરાત સરકારનો આભાર વ્યક્ત કરશે.

ભારતમાં શારિરીક દિવ્યાંગતામાં શ્રવણશક્તિની ખોટ બીજા ક્રમે આવે છે. જો સમયસર સારવાર કરાવવામાં આવે તો આ તકલીફમાંથી બચી શકાય છે. જે બાળકો જન્મથી જ સાંભળી શકતા નથી હોતા તેઓ બોલી પણ શકતા નથી હોતા. ભારતમાં જન્મતા દર ૧૦૦૦માંથી ૪ બાળકોને શ્રવણશક્તિની ગંભીર તકલીફ હોય છે. એ માટે કૉક્લિઅર ઈમ્પ્લાન્ટેશન નામની આધુનિક સર્જરી કરાવવી જરૂર હોય છે. આ સર્જરી ખૂબ ખર્ચાળ હોય છે. ખાનગી હોસ્પિટલમાં એ માટે ૭-૮ લાખ રૂપિયાનો ખર્ચ થાય છે જે મોટા ભાગના દર્દીઓને પરવડી શકતો નથી.

ગુજરાત સરકારે ૨૦૧૩માં, સ્કૂલ હેલ્થ પ્રોગ્રામ દ્વારા કૉક્લિઅર ઈમ્પ્લાન્ટ્સ માટે ભંડોળની શરૂઆત કરી હતી. આ પ્રકારનું ભંડોળ શરૂ કરનાર ગુજરાત દેશનું માત્ર બીજું જ રાજય છે. ઘણા રાજયોએ ગુજરાતના મોડેલનું અનુસરણ કર્યું છે. હવે આ સર્જરી વડોદરા, સુરત, જામનગર, રાજકોટ અને ભાવનગરમાં સરકારી મેડિકલ કોલેજોમાં કરવામાં આવે છે. ગાંધીનગર હોસ્પિટલ આવી કૉક્લિઅર ઈમ્પ્લાન્ટ સર્જરીમાં ૫૦૦નો આંકડો પાર કરી ચૂક્યું છે. ગુજરાત સરકાર શ્રવણશક્તિ ગુમાવી બેઠેલા બાળકોને એમના ઘેર જઈને મફત સ્પીચ થેરાપી આપે છે. એ માટે જિલ્લા સ્તરે અનેક પુનર્વસન કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા છે.

# વસંતોત્સવમાં પપેટ શો અને જીવંત કાર્ટુન પાત્રો આકર્ષણનું કેન્દ્ર બન્યા

## વિવિધ જાગૃતિલક્ષી કાર્યક્રમો માટે પપેટ્રી કળા સશકત માધ્યમ બની શકે : નીરૂબેન ભટ્ટ : વસંતોત્સવમાં પારંપરિક વાનગીઓ પણ મુલાકાતીઓને આકર્ષી રહી છે





ગાંધીનગર, તા.૨

ગાંધીનગરના સંસ્કૃતિકુંજ ખાતે યોજાતો 'વસંતોત્સવ' શહેરની ઓળખ સમાન ગણાય છે. ભારતના વિવિધ ભાગોની વૈવિધ્યયુકત સાંસ્કૃતિક કલાને એક જ સ્થળે માણવા સાથે પારંપરિક હાથ બનાવટની ચીજ વસ્તુઓની ખરીદીની તક પુરી પાડતા આ વસંતોત્સવમાં આ વર્ષે ભાતીગળ પપેટ કળા અને વિવિધ કાર્ટૂન પાત્રોની પ્રસ્તુતિ મુલાકાતીઓને આકર્ષી રહી છે. આ સાથે મુલાકાતીઓ પરંપરાગત ભોજન અને વાનગીઓનો આસ્વાદ પણ માણી રહ્યા છે.

ગુજરાતમાં પપેટ કળા સદીઓથી ચાલી આવતી કળા છે જે વૈશ્વિક સ્તરે પાંગરી ચુકી છે જેને શિક્ષણ ક્ષેત્રે પણ દાખલ કરી શકાય તો ઉત્તમ પરિણામો પ્રાપ્ત થઈ શકે તેમ છે. જૈનાચાર્ય હેમચંદ્રાચાર્યના સિધ્ધહેમમાં જેનો ઉલ્લેખ જોવા મળે છે તેવી આ ભાતીગળ કળાના માધ્યમથી બાળકોની ઉત્સુકતામાં વધારો કરી સાહસિકતા, શૌર્ય, પ્રેમ, કરુણતા, હાસ્યરસ વગેરે વિષયો પર 'જ્ઞાન સાથે ગમ્મત' પીરસી શકાય તેમ છે. પપેટ કળા દ્વારા મહિલા વિકાસ, વિકલાંગ વિકાસ, નાની મોટી સંસ્થાઓ, મંડળીઓ વગેરે પપેટ્રી હસ્તકળાનો વિકાસ કરી લઘુ ઔદ્યોગિક ક્ષેત્રે રોજગારી મેળવવા ઉપયોગ કરી શકે છે તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં ઓછું ભણેલી પ્રજાને કૃષિ, સ્વચ્છતા, પ્લાસ્ટિક મુકિત, વ્યસન મુકિત જેવી અનેક બાબતે જાગૃતિ આણવા ઉપયોગમાં લઈ શકાય કેમ કે આ કળા નાના બાળકોથી માંડીને મોટેરાંઓને પણ આકર્ષે છે. અમદાવાદના મણિનગર વિસ્તારની 'ફનવર્લ્ડ' સંસ્થાના યુવાનો દ્વારા વિકાસ માટે કરાતી વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા 'ખિસ્સા ખર્ચા' મેળવવા આ કલાને વિકસાવી તેમાં બદલાતા જમાના અનુસાર વિવિધ કાર્ટુન કેરેકટર્સ અને જીવંત પાત્રો વગેરેના સુમેળભર્યા ઉપયોગથી સંસ્કૃતિકુંજ ખાતે મુલાકાતીઓનું મનોરંજન કરવામાં આવી રહ્યું છે તેવું 'ફનવર્લ્ડ'ના સ્ટોલના સંચાલિકા નીરૂબેન ભટ્ટે જણાવ્યું હતું. આ સાથે અહીં વેચાતી પરંપરાગત વાનગીઓ અને તૈયાર નાસ્તાની આઈટમો વગેરે પણ મુલાકાતીઓના આકર્ષણનું કેન્દ્ર બની રહી છે. જેમાં પ્રાકૃતિક ધાન્યોમાંથી બનાવાયેલ વાનગીઓનો સમાવેશ થાય છે.



